જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૨/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૬૮ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૩૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૭ બીયર ટીન અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૩,૫૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૦/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ સંદીપકુમાર જયંતિભાઈ પટેલ (ઉ.વ.૩૫)(રહે.પલાસપર્લ રેસીડેન્સી, સદભાવ રેસીડેન્સી સામે, એમ.જી.રોડ નિકોલ) એ તા.૦૧/૦૨/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ફેબ્રુઆરી/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન એસ.જી.હાઈ–વે ગુજરાત હાઈકોર્ટ સામે સત્યમ–૬૪ "DWISHA CONSULTANTS" નામની ઓફીસ ખાતે આરોપી (૧) રૂચીતા બાબુ અને (૨) હાર્દવ બાબુ એ ભેગામળી સંદીપકુમાર તથા તેમની પત્ની અને પુત્રીના કેનેડાના પી.આર.અપાવવા સારૂ પ્રોસેસ પેટે તેમની પાસેથી કુલ રૂપિયા ૧૬,૦૦,૦૦૦/– તેમજ સંદીપકુમારના મિત્ર કેતનકુમાર દશરથભાઈ પટેલ પાસેથી પણ કેનેડાના પી.આર. અપાવવાનુ કહી રૂપિયા ૧૫,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩૧,૦૦,૦૦૦/– મેળવી લઇ, કેનેડાના પી.આર નહી કરાવી ઓફીસ બંધ કરી નાસી જઈ સંદીપકુમાર તથા કેતનકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૬૧/૨૦૨૬**

દાણીલીમડાઃ જાવેદ રઝાકભાઇ પોપટીયા (રહે.વિનયકુંજ સોસાયટી, પી એન્ડ ટી કોલોનીની બાજૂમાં, શાહઆલમ) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૨/૨૦૨૬ કલાક ૩/૩૦ થી સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કબાટમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૪,૩૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૬૨/૨૦૨૬**

રીવરફ્રન્ટ વેસ્ટઃ નીખીલ કમલેશભાઇ પરમાર (ઉ.વ.૨૨)(રહે, મારીયા પાર્ક નારોલ ચોકડી શાહવાડી ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૨/૨૦૨૬ સવારના ૯/૩૫ વાગ્યા પહેલા સાબરમતી રીવરફ્રન્ટ પશ્ચીમ તરફના ભાગે આંબેડકર બ્રીજ પાસે ઘાટ નંબર–૧૩ પોક–વે નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતકુમાર રણછોડભાઇ ચલાવે છે.

નારોલઃ (૧) અમીત રણછોડભાઇ ભરવાડ (ઉ.વ.૨૬)(રહે.દેવનગર સોસાયટી, સૈજપુર ગોપાલપુર પિપળજ પીરાણા રોડ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૨/૨૦૨૬ સાંજના ૫/૨૫ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચંદનસિંહ રઘુનંદનસિંહ ચલાવે છે.

નારોલઃ (૨) રવિનાબહેન વા/ઓ કરણકુંવરસિંહ ડ્રડવે (ઉ.વ.૨૦)(રહે.આકાશ ફેશન પ્રા.લી. કંપનીના પાર્કીંગ પાછળ ઓરડીમાં, રીન્ક પ્રેસેસ કંપની સામે મોતીપુરા સૈજપુર રોડ શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૬ રાતના ૮/૦૫ વાગ્યા પહેલા પોતાની ઓરડીમા સીમેન્ટના પતરા નીચે લટકતી વાંસ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનિશ પોલીસ કમિશનરશ્રી "કે" ડીવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી